તા. ૧૭ જૂન ૨૦૧૮

# મેડીકલ ફીલ્ડમાં કારર્કિદી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે યોજાયો કેરિયર્સ ઇન મેડીસીન સેમિનાર

આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સરદાર પટેલ નેશનલ મેમોરિયલ , શાહીબાગ, અમદાવાદ ખાતે મેડિકલ ફિલ્ડમાં કારર્કિદી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

સેમિનાર દરમ્યાન મુખ્ય મહેમાન તરીકે માનનીય શ્રી કૌશિકભાઈ પટેલ, રેવન્યુ મિનીસ્ટર, ગુજરાત રાજ્ય અને અતિથિ વિશેષ તરીકે શ્રી અરવિંદભાઈ પટેલ સાબરમતી વિસ્તારના ધારાસભ્યએ હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સેમિનારમાં વિવિધ શાળાઓ માંથી 800 થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

એચ.સી.જી હોસ્પિટલના ડૉ. જગદીશ કોઠારી અને ડૉ. કૌસ્તુભ પટેલ અને તેમની ટીમે રોબોટીક સર્જરી અને ભવિષ્યમાં આવનારી ટેકનોલોજી વિશે વિદ્યાર્થીઓને માહીતગાર કર્યા હતા તથા વિદ્યાર્થીઓને વિડિયો સર્જરી દેખાડી હતી.

"યુ.એસ.એ. માં 1000 કેન્સર ના દર્દીઓ દીઠ 100 કેન્સર સ્પેસ્યાલીસ્ટ છે. જ્યારે ભારતમાં 10000 દર્દીઓ દીઠ 100 કેન્સર સ્પેસ્યાલીસ્ટ પણ નથી" – ડૉ. કૌસ્તુભ પટેલ

ડૉ. ભરત ગઢવીએ વિદ્યાર્થીઓને શરીરના વિવિધ અંગોના અજાણ્ય તત્વોથી માહીતગાર કર્યા તથા હોસ્પિટલ મેનેજમેન્ટથી મેડીકલ કમિટીના મેમ્બર ડૉ અશોક નીર્વાણે વિદ્યાર્થીઓને વિવિધ ફિલ્ડમાં એડમિશન અંગેની માહીતી પૂરી પાડી હતી.

ડૉ. અશોક નિર્વાણે વિદ્યાર્થીઓને એડમિશન માટે એડમિશન એજન્ટની સલાહ ન લેવા માટેની ભલામણ કરી હતી તથા એડમિશન લેવા માટેની ઘણી જીણી –જીણી બાબતોથી માહિતગાર કર્યા હતા.

ડૉ અનિલ જૈન દ્વારા વિદ્યાર્થીઓને ડોક્ટર શા માટે બનવું તે માટે પ્રોત્સાહીત કર્યા હતા તથા હ્રદય રોગ વિશે માહિતી આપી હતી.

સેમિનારના અંતે 40 તેજસ્વિ વિદ્યાર્થીઓને રોબોટીક કન્સોલ ઓપરેટ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે, જેઓ એચ.સી.જી. હોસ્પિટલમાં આ લાભ લઈ શકશે ઉપરાંત 7 તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ એનાયત કરવામાં આવેલા.